### ફૂલ બજારમાં તંત્રની જપ્તી સામે હોબાળો

# દબાણ હટાવ ઝુંબેશ:તંત્ર અને વેપારીઓ સામસામે ખંડેરાવ માર્કેટ અને કડક બજારમાં ઉગ્ર રકઝક

**માંજલપુર** અને દાંડિયા બજારમાંથી બે ટ્રક સામાન તથા બિનવારસી વાહનો કબ્જે કરાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં ટ્રાફિકને અડચણરૂપ અને જાહેર માર્ગો પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવી છે. કોર્પોરેશનની દબાણ શાખાની ટીમોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આકસ્મિક કાર્યવાહી હાથ ધરી હતી. જોકે, આ કાર્યવાહી દરમિયાન અનેક સ્થળોએ વેપારીઓ અને કોર્પોરેશનના કર્મચારીઓ વચ્ચે ઉગ્ર રકઝક અને ઘર્ષણના દ્રશ્યો જોવા મળ્યા હતા.

મળતી માહિતી મુજબ, દબાણ શાખાની ટીમોએ ખંડેરાવ માર્કેટના ફૂલ બજાર વિસ્તારમાં જાહેર માર્ગ પર રાખવામાં આવેલા ફૂલના પોટલા, કેરેટ અને અન્ય સામાન જપ્ત કરવાની કામગીરી શરૂ કરી હતી. આ દરમિયાન ફૂલ બજારના વેપારીઓએ ભેગા થઈ કોર્પોરેશનની કાર્યવાહીનો વિરોધ નોંધાવ્યો હતો. વેપારીઓએ રોજગારને અસર થતી હોવાનો આક્ષેપ કરી કર્મચારીઓ સાથે ઉગ્ર દલીલો કરી હતી.

આ ઉપરાંત, રેલવે સ્ટેશન નજીક આવેલા વ્યસ્ત કડક બજાર વિસ્તારમાં પણ કોર્પોરેશને દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. અહીં માર્ગ પર ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા પાથરણાં, કામચલાઉ શેડ અને અન્ય અડચણરૂપ માળખાં દૂર કરવામાં આવ્યા હતા. જેના કારણે પથારાધારકોમાં ભારે નારાજગી જોવા મળી હતી. અનેક લોકોએ પોતાની રોજીરોટી પર અસર થવાની ફરિયાદ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. બીજી તરફ, કોર્પોરેશનની ટીમોએ વોર્ડ નંબર-18 અને વોર્ડ નંબર-14માં પણ ઝુંબેશ ચાલુ રાખી હતી. માંજલપુરના અલવાનાકા વિસ્તારમાં રસ્તા પર અવરોધરૂપ લારી-ગલ્લા અને અન્ય સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન બે ટ્રક ભરાઈ જાય તેટલો સામાન કબજે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

વોર્ડ નંબર-14 હેઠળના દાંડિયા બજાર વિસ્તારમાં જંબુબેટ નજીક લાંબા સમયથી રસ્તા પર ભંગાર હાલતમાં પડેલી એક બિનવારસી મારૂતિ વાનને પણ કોર્પોરેશને હટાવી હતી. કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને જાહેર માર્ગો ખુલ્લા રાખવા માટે આવી ઝુંબેશ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે.

### 'આજથી જ કામ પર આવવાની મનાઈ' ફરમાવાતા કર્મચારીઓ આર્થિક સંકટમાં મૂકાયા

# VMCમાં ટેક્સ વસૂલાત વિભાગના ૭૨ આઉટસોર્સ કર્મચારીઓને છૂટા કરાતા કમાટીબાગ ગૂંજ્યું

**ન્યાય** ન મળે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવા મક્કમ નિર્ધાર



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગો અને વોર્ડ કચેરીઓમાં આવક સ્વીકારવાની કામગીરી સંભાળતા 72 આઉટસોર્સ કર્મચારીઓને અચાનક ફરજમુક્ત કરવામાં આવતા ભારે અસંતોષ ફેલાયો છે. છેલ્લા નવ વર્ષથી કોન્ટ્રાક્ટ આધારે સેવા આપી રહેલા આ કર્મચારીઓએ નિર્ણયના વિરોધમાં કમાટીબાગ ખાતે એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને તંત્ર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા.

મળતી માહિતી મુજબ, કોર્પોરેશનની વિવિધ કચેરીઓમાં આઉટસોર્સિંગ પદ્ધતિથી કાર્યરત કર્મચારીઓને આગામી 30 જૂનથી સત્તાવાર રીતે છૂટા કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જોકે કર્મચારીઓના જણાવ્યા અનુસાર તેમને આજથી જ કામગીરીમાંથી મુક્ત કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણયના કારણે અનેક પરિવારોની આજીવિકા પર સીધી અસર પડી છે.

વિરોધ કરી રહેલા કર્મચારીઓએ જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી કોર્પોરેશનમાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે અને તેમના પરિવારનો મુખ્ય આધાર આ નોકરી જ છે. અચાનક રોજગાર ગુમાવવાના કારણે તેમના સામે આર્થિક સંકટ ઊભું થયું છે. પરિવારનું ભરણપોષણ અને બાળકોના શિક્ષણ સહિતની જવાબદારીઓ નિભાવવી મુશ્કેલ બનશે તેવી ચિંતા તેમણે વ્યક્ત કરી હતી. આ અગાઉ કર્મચારીઓએ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરીને તેમને નોકરીમાં યથાવત રાખવા અથવા કોર્પોરેશનના અન્ય વિભાગોમાં વૈકલ્પિક રોજગાર આપવાની માંગ કરી હતી. જોકે કોર્પોરેશન દ્વારા બેંક મારફતે ઉપલબ્ધ કરાવવામાં આવતી આ પ્રકારની મેનપાવર સેવાઓ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. કોર્પોરેશન હવે ટેક્સ વસૂલાત અને આવક સ્વીકારવાની કામગીરી પોતાના કાયમી કર્મચારીઓ મારફતે કરાવશે. આ નિર્ણયથી રોષે ભરાયેલા કર્મચારીઓએ જણાવ્યું છે કે તેમની સમસ્યાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી તેઓ લડત ચાલુ રાખશે. સાથે જ તંત્રને માનવતાના ધોરણે તેમના રોજગાર અંગે પુનર્વિચાર કરવાની અપીલ પણ કરી છે.

# વડોદરા દારૂ-બીયરનો મોટો જથ્થો ઝડપાયો, ત્રણ આરોપીઓ ઝડપાયા

**એલસીબી** ઝોન-2એ ટેમ્પોમાંથી 1,339 દારૂના ક્વાર્ટર સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા

**ક્રાઇમ** બ્રાન્ચે કારમાંથી 408 બીયરના ટીન જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરામાં એલસીબી ઝોન-2 અને શહેર ક્રાઈમ બ્રાન્ચે અલગ-અલગ કાર્યવાહી દરમિયાન વિદેશી દારૂ અને બીયરનો મોટો જથ્થો ઝડપી પાડી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. બંને કેસમાં દારૂ, બીયર, વાહનો અને અન્ય સામાન મળી કુલ રૂ. 5.75 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

એલસીબી ઝોન-2ની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે અટલાદરા ચેકપોસ્ટ નજીક મળેલી બાતમીના આધારે વડસર બ્રિજ તરફથી આવતાં એક છોટા હાથી ટેમ્પો અને તેની આગળ ચાલતી મોટરસાયકલને અટકાવી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ટેમ્પોમાંથી વિદેશી દારૂના 1,339 ક્વાર્ટર મળી આવ્યા હતા. પોલીસે પ્રવિણ ગુલસિંગ રાઠવા અને અશોક ભગુભાઈ રાઠવાની ધરપકડ કરી હતી. તપાસમાં અશોક રાઠવા અગાઉના એક ગુનામાં વોન્ટેડ હોવાનું પણ બહાર આવ્યું હતું. પોલીસે દારૂ, ટેમ્પો, બાઈક, મોબાઈલ ફોન અને રોકડ સહિત રૂ. 5.24 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ કાર્યવાહી માટે અટલાદરા પોલીસને સોંપ્યો હતો.

બીજી તરફ શહેર ક્રાઈમ બ્રાન્ચે સરદાર એસ્ટેટ ચાર રસ્તા નજીક વોચ ગોઠવી મહાવીર હોલ તરફ જતી એક કારને અટકાવી હતી. કારમાંથી 408 બીયરના ટીન મળી આવ્યા હતા, જેની કિંમત આશરે રૂ. 51 હજાર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે કારચાલક હરેશ મેઘલાભાઈ રાઠવાની ધરપકડ કરી હતી.

### ગેરકાયદે બાંધકામ અને ધાકધમકીના આક્ષેપ, તંત્ર પાસે કાર્યવાહીની માંગ

# કલ્પતરૂ ફ્લેટના રહીશોમાં રોષ, ૯ વર્ષ બાદ પણ લિફ્ટ શરૂ નહીં થતા હાલાકી

**અધૂરા** બાંધકામ અને જોખમી સ્થિતિથી અકસ્માતનો ભય



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલા કલ્પતરૂ ફ્લેટના રહીશોએ બિલ્ડરની બેદરકારી સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. કોઠી ચાર રસ્તાથી સલાટવાડા તરફ જવાના મુખ્ય માર્ગ પર આવેલા આ ફ્લેટમાં વર્ષોથી અનેક સમસ્યાઓ યથાવત રહેતાં રહીશો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વારંવાર રજૂઆતો છતાં કોઈ ઉકેલ ન આવતાં હવે રહીશોએ તંત્ર સમક્ષ ન્યાયની માંગ કરી છે.

સ્થાનિક રહીશ રાહુલ બારોટના જણાવ્યા અનુસાર તેમણે વર્ષ 2017માં ફ્લેટ ખરીદ્યો હતો. તે સમયે બિલ્ડર દ્વારા લિફ્ટ સહિતની વિવિધ સુવિધાઓ આપવાના વાયદા કરવામાં આવ્યા હતા. જોકે, લગભગ નવ વર્ષ બાદ પણ લિફ્ટ કાર્યરત કરવામાં આવી નથી. લિફ્ટ માટે ફાળવવામાં આવેલી જગ્યા હાલ ખુલ્લી અને જોખમી હાલતમાં છે. જેના કારણે બાળકો અને વૃદ્ધો માટે અકસ્માતનો ભય સતત રહે છે. રહીશોના જણાવ્યા મુજબ ઈમારતના અનેક ભાગોમાં બાંધકામ હજુ પણ અધૂરું છે, જેના કારણે દૈનિક જીવનમાં મુશ્કેલીઓ વધી રહી છે.

રહેવાસીઓએ જણાવ્યું હતું કે ફ્લેટની જમીન ત્રણ અલગ-અલગ સર્વે નંબરોમાં આવેલી છે અને તેમાં ત્રણ માલિકો સંકળાયેલા છે. માલિકો વચ્ચેના વિવાદના કારણે વિકાસકાર્યો અટવાઈ ગયા હોવાનું મનાઈ રહ્યું છે. તેનો સીધો ભોગ ફ્લેટના રહીશોને બનવું પડી રહ્યું છે.

રહેવાસીઓએ વધુમાં આક્ષેપ કર્યો છે કે ફ્લેટને અડીને નિયમોનું ઉલ્લંઘન કરીને બીજી એક ઈમારતનું બાંધકામ કરવામાં આવ્યું છે. આ અંગે રજૂઆત કરવા જતાં કેટલાક લોકોને ધાકધમકી આપવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

હાલમાં કંટાળેલા રહીશોએ તંત્રને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અપીલ કરી છે. તેમની માંગ છે કે ફ્લેટમાં લિફ્ટની સુવિધા શરૂ કરાવવામાં આવે, વર્ષોથી અટકેલું અધૂરું બાંધકામ પૂર્ણ કરવામાં આવે અને ગેરકાયદે બાંધકામ અંગે નિષ્પક્ષ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. રહીશોએ ચેતવણી આપી છે કે જો તેમની સમસ્યાઓનો ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં વિરોધ વધુ ઉગ્ર બની શકે છે.

# ૧૭ વર્ષથી ફરાર NDPS કેસનો કેદી જમ્મુ-કાશ્મીરમાંથી ઝડપાયો

**ઓપરેશન** કારાવાસ-02 હેઠળ વડોદરા ક્રાઇમ બ્રાન્ચની સફળ કાર્યવાહી



(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઓપરેશન કારાવાસ-02 અંતર્ગત 17 વર્ષથી ફરાર રહેલા NDPS કેસના કેદીને જમ્મુ-કાશ્મીરમાંથી ઝડપી પાડી ફરી જેલ હવાલે કર્યો છે. મહંમદઅસરફ ગુલાબમહંમદ લોન નામનો આરોપી વર્ષ 2003માં આણંદ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા 10 કિલો ચરસના કેસમાં દોષિત ઠર્યો હતો. સેશન કોર્ટે તેને 10 વર્ષની સખ્ત કેદ અને રૂ. 1 લાખ દંડની સજા ફટકારી હતી.

સજા ભોગવતા દરમિયાન વર્ષ 2009માં તેને 10 દિવસની પેરોલ રજા આપવામાં આવી હતી. જોકે, રજા પૂર્ણ થયા બાદ તે જેલમાં પરત ફર્યો નહોતો અને ફરાર થઈ ગયો હતો. ત્યારથી તેની શોધખોળ ચાલી રહી હતી.

ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સર્વેલન્સ અને માનવ સૂત્રોની મદદથી તપાસ હાથ ધરી હતી. તપાસમાં આરોપી જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના કાઝીગુંડ વિસ્તારમાં રહેતો હોવાનું અને ભદ્રાગુંડ ગામમાં હાર્ડવેરની દુકાન ચલાવતો હોવાનું જાણવા મળ્યું હતું. માહિતીના આધારે પોલીસ ટીમ જમ્મુ-કાશ્મીર પહોંચી હતી અને ગુપ્ત નજર રાખી હતી.

તા. 21 જૂને આરોપી તેની દુકાન નજીક દેખાતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેને વડોદરા લાવી બાકી રહેલી સજા ભોગવવા માટે વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

### રાજવીરસિંહ સીંધા પર ઘરમાં ઘૂસી જીવલેણ હુમલો કરાયો હતો

# નંદેસરી હુમલા કેસમાં પોલીસે આરોપીઓને સાથે રાખી ઘટનાસ્થળે રી-કન્સ્ટ્રક્શન કર્યું

**બે આરોપીઓ** ઝડપાયા, અન્ય ફરાર શખ્સોની શોધખોળ ચાલુ



(પ્રતિનિધિ) વડોદરા તા.23

નંદેસરીના શિવાજીનગર વિસ્તારમાં રાજવીરસિંહ સીંધા પર થયેલા જીવલેણ હુમલાના કેસમાં પોલીસે તપાસ વધુ તેજ બનાવી છે. કેસમાં ધરપકડ કરાયેલા બે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન પોલીસે હુમલાની સમગ્ર ઘટનાક્રમની પુનઃચકાસણી કરી મહત્વના તથ્યો અને પુરાવાઓ એકત્રિત કર્યા હતા.

મળતી માહિતી મુજબ, રાજવીરસિંહ સીંધા અને તેમની પુત્રવધૂ અરૂણાબેન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષથી પારિવારિક વિવાદ ચાલી રહ્યો છે, જેનો કેસ હાલમાં કોર્ટમાં ચાલી રહ્યો છે. ઘટનાના દિવસે રાજવીરસિંહ કોર્ટમાંથી ઘરે પરત આવી આરામ કરી રહ્યા હતા ત્યારે સાંજે કેટલાક શખ્સો તેમના ઘરમાં ઘૂસી આવ્યા હતા.

આરોપીઓએ લોખંડની પાઈપ, લાકડાના દંડા અને ધારીયા જેવા હથિયારો વડે હુમલો કરતા રાજવીરસિંહ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે નંદેસરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસે આરોપીઓ કયા માર્ગે આવ્યા હતા, હુમલો કેવી રીતે કર્યો હતો અને ઘટના બાદ કઈ દિશામાં ફરાર થયા હતા તે અંગેની માહિતી મેળવી હતી. પોલીસે જણાવ્યું હતું કે રી-કન્સ્ટ્રક્શન દરમિયાન મળેલી વિગતો કેસની તપાસને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થશે.

હાલમાં બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની અલગ-અલગ ટીમો કામે લાગી છે. પોલીસે હુમલાના કારણો અને તેમાં સંડોવાયેલા તમામ લોકોની ભૂમિકાની પણ તપાસ શરૂ રાખી છે. મળેલા પુરાવાના આધારે ટૂંક સમયમાં વધુ ધરપકડ થવાની શક્યતા છે.

# સગીરાનુ અપહરણ કર્યા બાદ વારંવાર દુષ્કર્મ કરનારને ૨૦ વર્ષની સખત કેદ

**પોક્સો** કોર્ટ દ્વારા પીડિતાને રૂપિયા 1.50 લાખ વળતર પેટે ચૂકવવાનો આદેશ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 23

વડોદરાના મકરપુરા વિસ્તારમા રહેતી સગીરાના અપહરણ કર્યા બાદ દુષ્કર્મ ગુજારવાના ગંભીર ગુનામાં આરોપી રવિ રાઠોડિયાને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપી પર દંડ પણ ફટકાર્યો છે અને પીડિતાને રૂપિયા 1.50 લાખ વળતર ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

કેસની વિગતો મુજબ મકરપુરા વિસ્તારમા રહેતી 17 વર્ષીય સગીરા 31 માર્ચ 2025ના રોજ ઘરેથી કોઈ કામ અર્થે નીકળ્યા બાદ પરત ફરી ન હતી. પરિવારજનોએ વિવિધ સ્થળોએ શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન અજાણ્યા વ્યક્તિ દ્વારા તેનુ અપહરણ કરવામા આવ્યુ હોવાની શંકા વ્યક્ત કરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

જેથી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો દરમિયાન સામે આવ્યું હતું કે આરોપી રવિ ઉર્ફે કોયો રાઠોડિયાએ સગીરાનું અપહરણ કરી તેના પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. પોલીસ દ્વારા આરોપી સામે પોક્સો અધિનિયમની વિવિધ કલમો હેઠળ તેની ધરપકડ કરી ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન રજૂ કરાયેલા પુરાવા અને સાક્ષીઓના આધારે વિશેષ પોક્સો કોર્ટ અને એડિશનલ સેશન્સ જજ વડોદરાએ આરોપીને પોક્સો અધિનિયમની કલમ 6 અને ભારતીય ન્યાય સંહિતાની કલમ 64(2)(મ) હેઠળ દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે તેને 20 વર્ષની સખત કેદ અને રૂ.50 હજાર દંડની સજા ફટકારી છે. કોર્ટે પોક્સો અધિનિયમની જોગવાઈઓ મુજબ પીડિતાના પુનર્વસન અને સહાય માટે રૂ.1.50 લાખ વળતર ચૂકવવા માટેનો પણ આદેશ કર્યો છે.

### મોહર્રમ નિમિત્તે મન્નતના વાઘની ભવ્ય નગરચર્યા



■ મોહર્રમના 7મા ચાંદ નિમિત્તે ફતેહપુરા હુજરાત ટેકરા સ્થિત હઝરત શેર અલીના થાનકેથી પરંપરાગત મન્નતના વાઘની નગરચર્યા ભવ્ય રીતે નીકળી હતી. પરંપરાગત વેશભૂષામાં સજ્જ યુવકો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં જોડાતા સમગ્ર વિસ્તારમાં ધાર્મિક આસ્થા, શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

### વડોદરા રેલવે સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગને વેગ, ટ્રેન સંચાલન બનશે વધુ ઝડપી

# પ્લેટફોર્મ ૪ અને ૫ની લંબાઈ વધશે, ૨૨ કોચવાળી ટ્રેનોનું સંચાલન શક્ય બનશે

**ડીઆરએમ** રાજુ ભડકેએ કામગીરીનું નિરીક્ષણ કરી ગુણવત્તા અને સુરક્ષા પર ભાર મૂક્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.23

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા રેલવે પરિચાલન ક્ષમતા વધારવા અને મુસાફરોને વધુ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વડોદરા રેલવે સ્ટેશન પર યાર્ડ રિમોડેલિંગનું મહત્વપૂર્ણ કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ કામગીરીની પ્રગતિની સમીક્ષા કરવા મંડલ રેલ પ્રબંધક (ડીઆરએમ) રાજુ ભડકેએ કાર્યસ્થળની મુલાકાત લીધી હતી.

નિરીક્ષણ દરમિયાન ડીઆરએમે કામની ગુણવત્તા, સુરક્ષા ધોરણો અને નિર્ધારિત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તેની ખાસ સૂચના આપી હતી. સાથે જ કામગીરી દરમિયાન રેલવે ટ્રાફિક અને મુસાફરોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે અધિકારીઓને જરૂરી આયોજન કરવા જણાવ્યું હતું.

યાર્ડ રિમોડેલિંગ પ્રોજેક્ટ અંતર્ગત લાઈન નંબર-7ને મુખ્ય લાઈન સાથે સીધી કનેક્ટિવિટી આપવામાં આવી રહી છે. આ કામ પૂર્ણ થયા બાદ મુખ્ય લાઈન પરથી પ્લેટફોર્મ નંબર-6 સુધી ટ્રેનોની અવરજવર વધુ સરળ અને ઝડપી બનશે. હાલમાં ટ્રેનોને પ્લેટફોર્મ નંબર-6 સુધી પહોંચવા માટે અનેક પોઈન્ટ અને ક્રોસઓવરમાંથી પસાર થવું પડે છે, જેના કારણે વધારાનો સમય લાગે છે. નવી વ્યવસ્થાથી ટ્રેનોનું સંચાલન વધુ કાર્યક્ષમ બનશે. આ ઉપરાંત, પ્લેટફોર્મ નંબર-4 અને 5ની લંબાઈમાં પણ વધારો કરવામાં આવી રહ્યો છે. પ્લેટફોર્મ નંબર-4ની લંબાઈ 498 મીટરથી વધારી 592 મીટર અને પ્લેટફોર્મ નંબર-5ની લંબાઈ 498 મીટરથી વધારી 568 મીટર કરવામાં આવશે. જેના કારણે ભવિષ્યમાં 22 કોચવાળી લાંબી ટ્રેનોનું સંચાલન સરળતાથી થઈ શકશે. રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ વડોદરા સ્ટેશનની કામગીરી વધુ સુવ્યવસ્થિત બનશે અને વધતા ટ્રાફિકને પહોંચી વળવા માટે સ્ટેશન વધુ સક્ષમ બનશે.

# બંધ મકાનમાંથી ગેસ સિલિન્ડર અને પાણીની મોટરની તસ્કરી

(પ્રતિનિધિ ) વડોદરા તા.23

વડોદરા શહેરના મંગલેશ્વરઝાપા વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા તસ્કરોએ ઘરમાં ઘૂસી ગેસ સિલિન્ડર અને પાણી ખેંચવાની મોટરની ચોરી કરી હતી. અન્ય મકાનમાંથી પણ ચોરોએ ગેસ સિલિન્ડર ઉઠાવી ગયા હતા.

વડોદરા શહેરના ફતેપુરા વિસ્તારમાં આવેલા મંગલેશ્વર ઝાપા ખાતે રહેતા નિખિલ હરીષભાઈ સોલંકી આણંદનગર અર્બન હેલ્થ સેન્ટરમાં હાઉસ કીપર તરીકે નોકરી કરે છે. તેમની ફરિયાદ મુજબ તેમના માતા દેવિકાબેન હરીષભાઈ સોલંકીના નામે ઉજ્જવલા યોજના હેઠળ ઈન્ડિયન કંપનીનો ગેસ સિલિન્ડર લેવામાં આવ્યો હતો.

ગત 19 જૂનના રોજ સાંજે આશરે 7 વાગ્યે તેઓ પોતાના મકાનને તાળું મારી હરણી એરપોર્ટ નજીક આવેલા બીજા નિવાસસ્થાને રહેવા ગયા હતા. ત્યારબાદ 20 જૂનના રોજ બપોરે આશરે 12.30 વાગ્યે ઘરે પરત ફરતાં રસોડામાં રાખેલો ઈન્ડિયન કંપનીનો ગેસ સિલિન્ડર અને પાણી ખેંચવાની મોટર ગાયબ હોવાનું જણાયું હતું.

તપાસ કરતાં મકાનના પાછળના દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં જોવા મળ્યો હતો. અજાણ્યા તસ્કરોએ દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કરી આશરે રૂ. 1 હજારની કિંમતનો ગેસ સિલિન્ડર અને રૂ. 2હજારની કિંમતની પાણીની મોટર મળી રૂ. 3હજારનો મુદ્દામાલ ચોરી કર્યો હોવાનું બહાર આવ્યું હતું. વધુમાં તેમની વિસ્તારમા રહેતા ભગવતભાઈ માનાભાઈ સોલંકી તથા ભાંડવાડા વિસ્તારમાં રહેતા અજીમ મોહમદ હુસેન શેખના ઘરમાંથી પણ ઈન્ડિયન કંપનીના ગેસ સિલિન્ડરો ચોરી થયો હતો. આ બંને સિલિન્ડરોની આશરે રૂ. 2 હજાર કિંમત ગણવામાં આવી છે. આ રીતે અજાણ્યા ચોર ઈસમોએ આશરે રૂ. 5,000ની માલમત્તાની ચોરી કરી હતી. પોલીસે ફરિયાદના આધારે તસ્કરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### પાલિકાની ખોરાક શાખાએ ૫૮ નમૂના લેબોરેટરીમાં મોકલ્યા

# ખાદ્ય માફિયાઓ પર તંત્રની તરાપ : 'ધ મેપલ્સ' અને 'પીક એન્ડ ઈટ'ને નિયમભંગ બદલ નોટિસ

**અલકાપુરીમાં** સિંગલ યુઝ પ્લાસ્ટિક બદલ રૂ.૧૦ હજારનો દંડ

(પ્રતિનિધિ) વડોદરા તા.23

વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા દ્વારા શહેરમાં કાર્યરત ફોઝન નોન-વેજ ખાદ્ય પદાર્થોના યુનિટો તેમજ અન્ય ખાદ્ય પેઢીઓ પર આકસ્મિક ચેકિંગની વ્યાપક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને ડેઝીગ્નેટેડ ઓફિસર તેમજ અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર અને ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આ કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ન્યુ સમા રોડ, સરદાર એસ્ટેટ, ઓલ્ડ પાદરા રોડ, વાસણા, વાસણા-ભાયલી રોડ, તાંદલજા અને ગોરવા વિસ્તારમાં આવેલા ૯ રીટેલર યુનિટોનું ઈન્સ્પેક્શન કરાયું હતું, જેમાંથી બે રીટેલર યુનિટને શીડ્યુલ-૪ ની નોટિસ ફટકારવામાં આવી છે.

તપાસ દરમિયાન વાસણા-ભાયલી રોડ પર સ્થિત "ધ મેપલ્સ" રીટેલર યુનિટમાં વેજીટેરીયન ફૂડનો સિમ્બોલ ધરાવતા ડીપફ્રીઝની અંદર ફોઝન નોન-વેજ ફૂડ મૂકેલું મળી આવતા ફૂડ બિઝનેસ ઓપરેટરને નોટિસ આપવામાં આવી હતી. આ ઉપરાંત તાંદલજા વિસ્તારના "પીક એન્ડ ઈટ" રીટેલર યુનિટમાં ફોઝન નોન-વેજ ફૂડને મોટા પેકિંગમાંથી નાના પેકિંગમાં કન્વર્ટ કરવામાં આવતું હોવાનું ખુલ્યું હતું અને ત્યાં લાયસન્સ પણ ડિસ્પ્લે કરાયું ન હોવાથી તેમને પણ શીડ્યુલ-૪ ની નોટિસ પાઠવવામાં આવી છે.

બીજી તરફ, ફૂડ શાખાએ પ્રતાપનગર-લાલબાગ રોડ, તુલસીધામ, માંજલપુર, અલ્કાપુરી, ગોત્રી સહિતના વિસ્તારોમાં આવેલા ૧૫ રીટેલર, ૧ ફૂડ વેન્ડિંગ એસ્ટાબ્લિશમેન્ટ, ૩ ઉત્પાદક પેઢી અને ૭ રેસ્ટોરન્ટ મળી કુલ ૨૬ એકમો પર દરોડા પાડ્યા હતા. ત્યાંથી આઈસ્ક્રીમ, મિલ્ક શેક, કેક, મઠો, શ્રીખંડ, મસાલા, તેલ, અનાજ અને પ્રીપેડ ફૂડ સહિત કુલ ૫૮ ખાદ્યપદાર્થોના નમૂના લઈ પૃથ્થકરણ અર્થે ફતેગંજ પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલાયા છે. અલ્કાપુરીના "ધ ફૂડ સ્મીથ્સ આઈ.એન.સી. (ઓવન મેજિક)" યુનિટમાં અસ્વચ્છતા જોવા મળતા નોટિસ અપાઈ હતી. સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા એકમો સામે વોર્ડ કચેરી સાથે સંયુક્ત કાર્યવાહી કરીને કુલ ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો છે.